PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૫/ક્વા-૦૪/૨૦૨૩-૨૪/ ૪૪૧-૨ તારીખ : ૨૦ - ૦૨ - ૨૦૨૪

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

શ્રી ચકુભાઈ બટુકભાઈ ધ્રાગીયા

ભરવાડ વાસ , બહુચરા માતા મંદિર પાસે,

મું. પો. : સરપદડ, તા. : પડધરી, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૧૧૦

મોબાઈલ : ૯૩૨૮૮૦૦૦૦૭

વિષય : નવું વીજજોડાણ મેળવવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૩-૦૧-૨૦૨૪.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૫/ક્વા-૦૪/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો. જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પડધરી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**e-mail:forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૫/ક્વા-૪/૨૩-૨૪/૫૫૧-૨ તા. ૨૦-૦૨-૨૫

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૦૫/ક્વા-૪/૨૩-૨૪, તા.૨૩-૦૧-૨૦૨૪

અરજદાર : શ્રી ચકુભાઈ બટુકભાઈ ધ્રાગીયા, ગામ: સરપદડ

રજૂઆત કરનાર : અરજદાર હાજર રહેલ નથી.

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : શ્રી કે.એચ.બક્ષી, કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ.,ગ્રામ્ય વિભાગીય કચેરી-રાજકોટ

:: કોરમ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી પી.જે.મહેતા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૦૮.૦૨.૨૦૨૪ (ગુરૂવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૮.૦૨.૨૦૨૪ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી ચકુભાઈ બટુકભાઈ ધ્રાંગીયા પડધરી તાલુકાના સરપદડ ગામે ફ્લોરમીલના હેતુ માટે પડધરી પેટાવિભાગીય કચેરી ખાતે નવું વીજજોડાણ મેળવવા માટેની અરજી કરેલ અને તા.૦૪.૧૧.૨૦૨૩ ના રોજ જરૂરી તમામ રકમ ઓનલાઈન ભરી આપેલ છે.

૨.૧ સદર જગ્યા પર વીજજોડાણ મેળવવા માટે પંચાયતનું NOC આધાર કાર્ડ તેમજ પંચાયતને ભરેલ રકમની રસીદ બધાજ ડોક્યુમેન્ટ સામેલ કરેલ. તેમજ CPC દ્વારા મંજુર થયેલ છે, પરંતુ સંલગ્ન કચેરી દ્વારા જણાવેલ કે વીજજોડાણ મળશે નહિ. સરકારશ્રી દ્વારા ગામડામાં નાનો ધંધો કરવા ઝડપથી વીજજોડાણ આપવામાં આવે તો લોકો મજુરી કરી ગુજરાન ચલાવી શકે. જેથી અરજદારે નવું વીજજોડાણ મેળવવા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત પત્ર નં-૧૫૨૯ તા.૭-૨-૨૦૨૪ મુજબ અરજદારે શ્રી ચકુભાઈ બટુકભાઈ ધાંગીયા. ગામ: સરપદડ, ખાતે થ્રી ફેઝ નવું કનેક્શન ઘરઘંટી માટે પડધરી પેટાવિભાગીય કચેરીમાં અરજી કરેલ છે.

- અરજદાર દ્વારા તા.૦૪.૧૧.૨૦૨૩ ના રોજ નવું ઇન્ડસ્ટ્રીયલ કનેક્શન લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન અને અંદાજપત્ર ભરપાઈ કરી આપેલ હતું.
- પેટાવિભાગીય કચેરીને સદરહુ અરજી CPC યુનીટ દ્વારા મળ્યા બાદ અરજદાર દ્વારા નીચે મુજબના આધાર-પુરાવા જોડેલ છે.

(૧) આધારકાર્ડની નકલ,

(૨) અરજદારે સરપદડ ગ્રામ પંચાયત હેઠળ ભાડાની દુકાન માટે વર્ષ-૨૦૨૨-૨૩ માટે રીસીપ્ટ નં-૩૧ તા.૧૧.૧૦.૨૨ થી રૂ.૧૨૦૦=૦૦ અને વર્ષ-૨૦૨૩-૨૪ ના રીસીપ્ટ નં-૨૦ થી થી રૂ.૧૨૦૦=૦૦ ભરપાઈ કરેલ છે.

(૩) શ્રી સરપદડ ગ્રામ પંચાયત કચેરી દ્વારા સદર અરજદાર ભાડા રજીસ્ટર મુજબ દુકાન ધરાવે છે, જેમાં ફ્લોરમિલ હેતુ માટે વીજજોડાણ આપવા માટેનો દાખલો તલાટી મંત્રીની સહીવાળો તા.૨૬-૦૯-૨૦૨૩ થી ઇસ્યુ કરેલ છે.

ઉપરોક્ત સ્થળ તપાસ કરતા સદર કનેક્શનની માંગણીવાળી જગ્યા ખરાબાની હોય તેવું પ્રતીત થયેલ હતું. જેના માટે અરજદારને જાત બાહેંધરી રજુ કરવા જણાવેલ, સ્થળ રોજકામની નકલ રજુ કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

ઉપરોક્ત બાબતે અરજદાર દ્વારા તા.૦૬.૦૨.૨૦૨૪ ના રોજ કોમર્શીયલ વીજજોડાણ મેળવવા માટેનું જરૂરી નોટરાઈઝ બાંહેધરીનું સોગંદનામું રજુ કરતા કનેક્શનને લગતી આગળની કાર્યવાહી બનતી ત્વરાએ કરવામાં આવશે.

- સદર બાબતે અરજદારને માહિતગાર કરતા અરજદારની ફરિયાદનું સંતોષજનક નિરાકરણ આવતા અરજદારે સમાધાન પુરશીશ તા.૦૬-૦૨-૨૦૨૪ માં સહી કરી આપેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની મુદ્દા નં ૨.૦ થી ૨.૧ મુજબ અરજદાર દ્વારા સરપદડ ગ્રામ પંચાયત કચેરી હેઠળ ભાડા રજીસ્ટર મુજબ દુકાન ધરાવે છે જેમાં ફલોરમીલ હેતુ માટે સરકારશ્રીના નીતિ નિયમો મુજબ વીજ કનેક્શન આપવા અંગેનો દાખલો તલાટી કમ મંત્રી દ્વારા તા.૨૬.૦૯.૨૩ ના રોજ આપેલ છે અને જે ભાડાની દુકાનનો વેરો ભરપાઈ કરેલ છે તેના આધાર પુરાવા સાથે નવું વીજજોડાણ ફલોર મીલ હેતુ માટે મેળવવા ઓનલાઈન તા.૦૪.૧૧.૨૩ થી અરજી કરેલ જે પીજીવીસીએલના CPC યુનિટ દ્વારા મંજુર કરેલ છે ત્યારબાદ જરૂરી તમામ ચાર્જીસ તા.૦૪.૧૧.૨૩ ના રોજ ઓનલાઈન ભરપાઈ કરેલ છે.

ત્યારબાદ પીજીવીસીએલ દ્વારા તા.૧૦.૧૧.૨૩ ના રોજ સ્થળ તપાસ કરતા ખરાબાની જગ્યા હોય તેમ જણાય છે. જેથી ખરાબમાં વીજજોડાણ મેળવવાના ડોક્યુમેન્ટ રજુ થયેલ ન હોવાથી રદ ગણેલ છે. જેથી અરજદારને વીજજોડાણ મળવાની કાર્યવાહી ન થતા અરજદારે ફોરમ સમક્ષ તા.૨૩.૦૧.૨૪ ના રોજ ફરિયાદ નોંધાવેલ છે.

૪.૨ ઉપરોક્ત મુદા નં.૪.૧ ની વિગતો પરથી સ્પષ્ટ થાય છે કે અરજદારની સદર અરજી મુજબ સદર જગ્યા પોતાની માલિકી હકકની નથી પરંતુ સરપદડ ગ્રામ પંચાયત કચેરી હેઠળ ભાડા રજીસ્ટર મુજબ દુકાન ધરાવે છે તેનો દાખલો તલાટી કમ મંત્રી દ્વારા રજુ કરેલ છે તેમજ અરજદારની ઓનલાઈન અરજી CPC દ્વારા મંજુર કરેલ હોવા છતાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની અરજી મુજબ સદર જગ્યા ખરાબો હોય શકે તેમ માનીને નવા વીજજોડાણની કાર્યવાહી સમય મર્યાદામાં કરાયેલ નથી જે નીયમાધીન યોગ્ય નથી.

વધુમાં, સદર ફરિયાદનું પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં ૩.૦ મુજબની વિગતે નિરાકરણ થયેલ હોય અત્રેના ફોરમ દ્વારા કંઈ કરવાનું રહેતું ન હોય અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એસ.જોષી) | (પી.જે.ગઢેના) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot